# જિલ્લા શિક્ષણ સમિતિ - કચ્છ

**દ્વિતીય સત્રાંત કસોટી - 2025**

| | | |
|---|---|---|
| તારીખ : 16-04-2025 | **ધોરણ - 7** | કુલ ગુણ : 80 |
| વાર : બુધવાર | **વિષય - ગુજરાતી** | સમય : 08-00 થી 11-00 |

**પ્રશ્ન-1 નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.** (10)

(1) મોરલી ક્યાં વાગે છે ? અને તેનો નાદ ક્યાં ગાજે છે ?

(2) ભારતના પૂર્વોત્તર પ્રદેશમાં કઈ યાત્રા યોજાય છે ? અને તે કયા પ્રદેશમાં થાય છે ?

(3) 'રે પંખીડા ! સુખથી ચણજો' કાવ્યમાં કવિ પંખીઓને શું કહે છે ?

(4) ખલીફા ફરતાં-ફરતાં ક્યાં આવ્યા ? ત્યાં તેમણે શું જોયું ?

(5) શાક માર્કિટના પ્રમુખ કોણ હતા ? એમને કઈ સ્પર્ધામાં ઈનામ મળ્યું હતું ?

**પ્રશ્ન-2 નીચે આપેલી કાવ્યપંક્તિઓનો વિચાર-વિસ્તાર કરો. (કોઈપણ એક)** (6)

(1) ગઈ સંપત ફરી સાંપડે, ગયાં વળે છે વહાણ;
ગત અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણ.

(2) મિત્ર એવો શોધવો, ઢાલ સરીખો હોય,
સુખમાં પાછળ પડી રહે, દુઃખમાં આગળ હોય.

**પ્રશ્ન-3 (અ) નીચેનાં વાક્યોમાં લીટી કરેલ શબ્દ જાતિવાચક, દ્રવ્યવાચક કે ભાવવાચક છે તે લખો.** (5)

(1) માતાના <u>પ્રેમ</u>નું મૂલ્ય કોઈ ન ચૂકવી શકે.

(2) <u>સૈનિકો</u> દેશના રક્ષક છે.

(3) ગાયનું <u>દૂધ</u> ઉત્તમ હોય છે.

(4) <u>ક્રોધ</u> પાપનું મૂળ છે.

(5) આપણે <u>પાણી</u>નો બચાવ કરવો જોઈએ.

**(બ) નીચેનાં વાક્યો શરતી વિધાન, ઉદ્‌ગાર, સંશયાર્થ કે ઈચ્છાર્થકમાંથી કયા પ્રકારના છે તે લખો.** (5)

(1) વાહ ! કેટલા સુંદર અક્ષરો

(2) શું હું તવાંગયાત્રામાં જઈ શકીશ ?

(3) મને શ્રી કૃષ્ણના દર્શન કરવા છે.

(4) જો યુદ્ધ થશે તો ખરાબ પરિણામ આવશે .

(5) ઓહ ! કેટલું વિશાળ સરોવર !

**(ક) કૌંસમાં આપેલ શબ્દનો યોગ્ય ઉપયોગ કરી ખાલી જગ્યા પુરો.** (5)

(નીચે, વિના, નિત્ય, અત્યારે, મારફત)

(1) માતાએ કુરિયર ....... રાખડી મામાને મોકલી આપી.

(2) મોટા બહેન ..... મંદિરે જાય છે.

(3) વૃક્ષો પર ફળ આવે છે, ત્યારે ડાળીઓ ......... નમે છે.

(4) પરિશ્રમ ......... સફળતા મળે નહીં.

(5) ......... યોગ અને આસન કરવાથી શારીરિક અને માનસિક ફાયદા થાય છે.

**પ્રશ્ન-4 (અ) લીટી કરેલા શબ્દના બદલે કૌંસમાં આપેલ શબ્દનો ઉપયોગ કરી યોગ્ય વાક્ય બનાવો.** (5)

(1) રાત્રે આકાશમાં તારા હોય છે. (દિવસે)

(2) બાળકની ભૂખ સંતોષાતા રાજી થઈ ગયું. (બાળકો)

(3) પુરૂષ દયાળુ હતો. (સ્ત્રી)

(4) અમે ગઈકાલે ભુજ ગયા હતા. (આવતીકાલ)

(5) તેઓ ઘોડો લઈને આવ્યો હતો. (ઘોડો.)

**(બ) નીચે આપેલ શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.** (5)

(1) સાધુનો આશ્રમ -

(2) વીરની ગાથા -

(3) નવ રાત્રિઓનો સમૂહ -

(4) રહેવા માટેનું સ્થાન -

(5) કોઈની સ્મૃતિમાં બંધાયેલું મંદિર

**પ્રશ્ન-5 (અ) આપેલ વાક્યમાંથી ભાવાત્મક શબ્દ શોધી તેનો ઉપયોગ કરી બીજું વાક્ય બનાવો.** (6)

(1) આટલી ભયાનક આગ જોઈને પણ બાળકો હિંમત હાર્યા નહિ.

(2) ઝાડને કપાતા જોઈ તન્મયને ગુસ્સો આવ્યો.

(3) માતા-પિતાના આશીર્વાદ મેળવી રાજુ ખૂબ ખુશ થયો.

**(બ) નીચે આપેલ પરિસ્થિતિને આધારે સંવાદ લખો. (કોઈપણ એક)** (6)

(1) તમારો ખેલ મહાકુંભમાં યોગાસન સ્પર્ધામાં પ્રથમ નંબર આવ્યો પણ ગોળાફેંક સ્પર્ધામાં નંબર આવ્યો નથી. તો આ અંગે તમારી માતા સાથેનો સંવાદ રચો.

(2) તમારા મનપસંદ શિક્ષક શાળામાંથી વિદાય લઈ રહ્યા છે. તો તે અંગેનો તમારો શિક્ષક સાથેનો સંવાદ રચો.

**પ્રશ્ન-6 આપેલ માહિતીના આધારે પ્રશ્નોના જવાબ આપો.** (10)

| ખેલ મહાકુંભ<br>શ્રી સરસ્વતી પ્રા.શાળા<br>તાલુકો : ભુજ, જિલ્લો : કચ્છ | | | |
|---|---|---|---|
| ધોરણ | સ્પર્ધામાં ભાગ લેનાર બાળકોની સંખ્યા | | |
| | દોડ | લાંબીકૂદ | ગોળાફેંક |
| 6 | 10 | 15 | 20 |
| 7 | 5 | 10 | 25 |
| 8 | 15 | 10 | 20 |

પ્રશ્નો : (1) ઉપરના કોષ્ટકમાં શાની માહિતી આપવામાં આવી છે ?

(2) ખેલ મહાકુંભ કઈ જગ્યાએ યોજાયો ?

(3) વિદ્યાર્થીઓએ કઈ સ્પર્ધામાં સૌથી વધારે ભાગ લીધો છે ?

(4) ખેલ મહાકુંભમાં સૌથી વધુ ભાગ લેનાર વિદ્યાર્થીઓ કયા ધોરણનાં છે ?

(5) ધોરણ-8 માં ગોળાફેંક કરતા લાંબીકૂદમાં ભાગ લેનાર બાળકોની ટકાવારી કેટલી છે ?

**પ્રશ્ન-7 (અ) નીચે આપેલ ચિત્રનું વર્ણન સાત-આઠ વાક્યોમાં લખો.** (4)



(**પ્રજ્ઞાચક્ષુ માટે :** ગામના પાદર અંગે સાતથી આઠ વાક્યો લખો.)

**(બ) નીચે આપેલા શબ્દો, શબ્દસમૂહ, કહેવત, રૂઢિપ્રયોગનો ઉપયોગ કરી સાતથી આઠ વાક્યોમાં ફકરો લખો. (કોઈપણ એક)** (6)

(1) પ્રવાસ, બસની અગવડ, રાજીના રેડ થઈ જવું, રહેવા માટેનું સ્થાન, ઐતિહાસિક સ્થળની મુલાકાત

(2) પરીક્ષા, મહેનત, કલ્પી ન શકાય તેવું, ધીરજના ફળ મીઠાં, સફળતા

**પ્રશ્ન-8 નીચે આપેલ વિષય પર નિબંધ લખો. (કોઈપણ એક)** (7)

(1) મારું પ્રિય પક્ષી

(2) અમે ભારતના ઘડવૈયા

(3) રાષ્ટ્રીય બાલ પુરસ્કાર

●●●●●